શું આપની ટાંકી ઉભરાય છે?
શું આપની ટાંકી ખાલી થઈ જાય છે?




ઓટોમેટીક સ્વીચ લગાવો જે મોટર ને ઓટોમેટીક ચાલુ-બંધ કરે છે.

અમર ઈલેક્ટ્રોનીક કન્ટ્રોલ્સ
૫, દરીયા મહેલ એપાર્ટમેન્ટ, સુરત મહાનગરપાલિકા સામે, મુગલીસરા,સુરત.
ફોન : 2429322 મો : 9824059872



# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

વડોદરા



આયુર્વેદિક આરોગ્ય કેમ્પ
તા.૨૪/૨૫ ડિસેમ્બર (બુધવાર,ગુરૂવાર) / સવારે ૧૦ થી સાંજે ૮ વાગ્યા સુધી

• પાઈલ્સ - પથરી • કીડનીના રોગો
• PCOD-PCOS • Obesity (મેદસ્વીતા)
• ઈન્ફર્ટિલિટી • વાળની સમસ્યાઓ
• સોરયાસીસ • આમવાત (સર્વાંગ સંધિવાત)
• પેરાલીસીસ • એસીડીટી-અલ્સર-IBS

ઘૂંટણ, મણકાની ગાદી કે દબાએલી નસોના ઓપરેશન પહેલા અચૂક મળો
નિરામય આયુર્વેદિક હોસ્પિટલ
અડાગરા સ્ટ્રીટ, સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા પાછળ, નાનપુરા, સુરત.
નોંધણી ફરજિયાત : +91 75748 61856



માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૩ * * * સંવત ૨૦૮૨ પોષ સુદ ચોથ, બુધવાર ૨૪ ડિસેમ્બર, ૨૦૨૫ * * * દૈનિક : ૮૯ - અંક : ૫૨

પાનાં ૧૨+૧૬ કિંમત ₹ ૫.૦૦


# દેશમાં અનેક સ્થળે બાંગ્લાદેશ વિરોધી દેખાવો

**દિલ્હીમાં** બાંગ્લાદેશ હાઇ કમિશન પાસે વિરોધ પ્રદર્શન કરતાં વિહિપ, બજરંગદળ કાર્યકરોનું પોલીસ સાથે ઘર્ષણ

**કોલકાતામાં** ‘હિન્દુ હુંકાર પદયાત્રા’ કૂચ યોજાઇ, બાંગ્લાદેશ ડેપ્યુટી હાઇ કમિશનરની કચેરીને ઘેરો ઘાલવાનો પ્રયાસ, 12ની ધરપકડ

**મુંબઈ**, કોલકાતા, અમદાવાદ, ભોપાલ અને જમ્મુમાં પણ રેલીઓ કાઢીને પીડિત પરિવારને ન્યાય આપવાની માગ કરાઇ






**કોલકાતા, નવી દિલ્હી, જમ્મુ, તા. 23 :** પાડોશી દેશમાં લઘુમતીઓ પરના કથિત હુમલાનો વિરોધ કરી રહેલા હિન્દુત્વવાદી સંગઠનના સેંકડો સમર્થકોએ મંગળવારે બપોરે કોલકાતામાં બાંગ્લાદેશ ડેપ્યુટી હાઈ કમિશન તરફ કૂચ કરવાનો પ્રયાસ કર્યો અને યુનિફોર્મ પહેરેલા કર્મચારીઓ દ્વારા તેમને રોકવામાં આવતા પોલીસ સાથે અથડામણ સર્જાઇ હતી. દિલ્હીમાં પણ બાંગ્લાદેશ હાઈ કમિશન પાસે વિરોધ પ્રદર્શનો કરવાનો પ્રયાસ બજરંગ દળ અને વિહિપના કાર્યકરોએ કર્યો હતો અને પોલીસે તેમને અટકાવતા પોલીસ સાથે તેમને સંઘર્ષ સર્જાયો હતો. જમ્મુ-કાશ્મીરના જમ્મુમાં પણ દેખાવો યોજાયા હતા. દિલ્હી ઉપરાંત, વિહિપે મુંબઈ, કોલકાતા, અમદાવાદ, ભોપાલ અને જમ્મુમાં રેલીઓ કાઢીને પીડિત પરિવારને ન્યાય આપવાની માગ કરી હતી.

મધ્ય કોલકાતાના બેકબાગન ખાતે ડેપ્યુટી હાઈ કમિશન ઓફિસની નજીક જવાના પ્રયાસમાં, માનવ સાંકળ અને લોખંડના રેલિંગ બંને પ્રકારના બેરિકેડ તોડીને પ્રદર્શનકારીઓને વિખેરવા માટે પોલીસે લાઠીચાર્જનો આશરો લીધો હતો. ઓછામાં ઓછા 12 દેખાવકારોની ધરપકડ કરવામાં આવી હતી. અથડામણમાં ઘણા વિરોધકર્તાઓ અને પોલીસ કર્મચારીઓને નાની ઈજાઓ થઈ હતી.

## ભારતે બાંગ્લાદેશના હાઈ કમિશનરને એક અઠવાડિયામાં બીજી વખત સમન્સ પાઠવ્યું

બાંગ્લાદેશના વિદેશ મંત્રાલયે ભારતીય હાઇ કમિશનર પ્રણય વર્માને બોલાવ્યાના થોડા કલાકો પછી ભારતે મંગળવારે બાંગ્લાદેશના હાઇ કમિશનર રિયાઝ હમીદુલ્લાહને સમન્સ પાઠવ્યા હતા. બાંગ્લાદેશના અનેક ભાગોમાં ભારત વિરોધી હિંસક વિરોધ પ્રદર્શનો બાદ બંને દેશો વચ્ચેના તણાવપૂર્ણ સંબંધો વચ્ચે ભારત સરકારે બીજી વખત બાંગ્લાદેશી રાજદૂત હમીદુલ્લાહને સમન્સ પાઠવ્યા છે. વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે રાજદૂતને ચોક્કસ ઉગ્રવાદી તત્વોની પ્રવૃત્તિઓ પ્રત્યે સતર્ક કરવામાં આવ્યા હતા.

બાંગ્લાદેશ ડેપ્યુટી હાઈ કમિશનની સામેની પરિસ્થિતિને નિયંત્રણમાં લાવવામાં આવી છે. ગેરકાયદેસર રીતે ત્યાં ભેગા થવાનો પ્રયાસ કરનારાઓને દૂર કરવામાં આવ્યા છે. અત્યાર સુધીમાં, વિસ્તારમાં 12 લોકોની ધરપકડ કરવામાં આવી છે. આ નિવારક ધરપકડો છે,” એમ કોલકાતા પોલીસના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું. નવી દિલ્હીમાં ભારે કિલ્લેબંધીવાળા બાંગ્લાદેશ હાઈ કમિશન સુધી જવાનો પ્રયાસ ભગવા ધ્વજધારી કાર્યકરોએ કર્યો હતો અને પોલીસે તેમને અટકાવતા પોલીસ સાથે તેમને ટૂંકો સંઘર્ષ સર્જાયો હતો. પોલીસ તેમને હાઈ કમિશન કચેરીથી ૮૦૦ મીટર જેટલા દૂર અટકાવી દેવામાં સફળ રહી હતી. તે જ રીતે જમ્મુમાં બાર એસોસીએશનના સભ્યોએ પણ બાંગ્લાદેશમાં હિન્દુ યુવકની હત્યા અંગે દેખાવો કર્યા હતા.

કોલકાતામાં ‘હિન્દુ હુંકાર પદયાત્રા’ નામની આ કૂચ ‘બોંગિયો હિન્દુ જાગરણ મંચ’ના બેનર હેઠળ યોજાઈ હતી, જેમાં વિરોધકર્તાઓ ભગવા ધ્વજ લઈને બાંગ્લાદેશમાં લઘુમતી હિન્દુઓ પર થતી હિંસા વિરુદ્ધ સૂત્રોચ્ચાર કરી રહ્યા હતા. રેલી

...અનુસંધાન પાના 11 પર

## બાંગ્લાદેશે ભારતમાંના પોતાના મિશનોની સુરક્ષા સંબંધે ભારતીય રાજદૂતને તેડાવ્યા

**દિલ્હી** ખાતે આવેલા બાંગ્લાદેશના હાઇ કમિશનની બહાર થયેલા ઉગ્ર દેખાવો અને સિલિગુડીમાં વિઝા સેન્ટરમાં થયેલી તોડફોડ અંગે ચિંતા વ્યક્ત કરી

**ઢાકા, 23 ડિસેમ્બર (પીટીઆઈ)** બાંગ્લાદેશના વિદેશ મંત્રાલયે મંગળવારે ભારતમાં બાંગ્લાદેશી મિશનની સુરક્ષા અંગે ચિંતા વ્યક્ત કરતા ભારતીય હાઈ કમિશનર પ્રણય વર્માને બોલાવ્યા હતા.

બાંગ્લાદેશના વિદેશ સચિવ અસદ આલમ સિયામે ભારતીય હાઈ કમિશનરને સમન્સ મોકલ્યા હતા અને તે સમયે ડેપ્યુટી હાઈ કમિશનર પણ હાજર હતા. વિદેશ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે વર્માને 20 ડિસેમ્બર, 2025ના રોજ નવી દિલ્હીમાં બાંગ્લાદેશ હાઈ કમિશન અને નિવાસસ્થાનની બહાર થયેલી દુઃખદ ઘટનાઓ અને 22 ડિસેમ્બરના રોજ વિવિધ ઉગ્રવાદી તત્વો દ્વારા સિલિગુડીમાં તેના વિઝા સેન્ટરમાં તોડફોડના કૃત્યો અંગે ઢાકાની ગંભીર ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી. નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, બાંગ્લાદેશે ભારતમાં બાંગ્લાદેશના વિવિધ રાજદ્વારી મિશનના પરિસરની બહાર કરવામાં આવેલા હિંસક વિરોધ પ્રદર્શનો પર પણ ઊંડી ચિંતા વ્યક્ત કરી હતી.

નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે બાંગ્લાદેશ રાજદ્વારી સંસ્થાઓ સામે પૂર્વયોજિત હિંસા અથવા ધાકધમકી જેવા કૃત્યોની નિંદા કરે છે, જે ફક્ત રાજદ્વારી કર્મચારીઓની સલામતીને જ જોખમમાં મૂકતા નથી પણ

...અનુસંધાન પાના 11 પર



## દિલ્હી ડાયરી

### આસામમાં ‘મોટા પાયે ભ્રષ્ટાચાર’ પર ધ્યાન કેન્દ્રિત

આસામના મુખ્યમંત્રી હેમંત બિસ્વા શર્મા ઘણીવાર પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ ગૌરવ ગોગોઈ અને તેમની પત્ની પર પાકિસ્તાનની ઇન્ટર-સર્વિસિસ ઇન્ટેલિજન્સ (આઈએસઆઈ) સાથે સંબંધો હોવાનો આરોપ લગાવે છે અને તેમના બાળકોની નાગરિકતા પર સવાલ ઉઠાવે છે ત્યારે કોંગ્રેસ, એઆઈસીસીના નિર્દેશો હેઠળ શર્માના નેતૃત્વ હેઠળ ચૂંટણીવાળા રાજ્યમાં ‘મોટા પાયે ભ્રષ્ટાચાર’ પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે. ગોગોઈના પાકિસ્તાન સાથેના કથિત સંબંધોની તપાસ માટે રાજ્ય સરકાર દ્વારા રચાયેલી એક વિશેષ તપાસ ટીમ (એસઆઈટી)એ ગયા સપ્ટેમ્બરમાં રાજ્ય સરકારને ‘નિંદનીય’ અહેવાલ સુપરત કર્યો હતો. જોકે, આ અહેવાલ હજી સુધી જાહેર કરવામાં આવ્યો નથી. ગયા અઠવાડિયે કોંગ્રેસના નેતાઓ પવન ખેરા અને મનોજ ચૌહાણે અલગ-અલગ પ્રેસ- કોન્ફરન્સમાં શર્મા પર નિશાન સાધ્યું હતું. ચૌહાણે પૂછ્યું, ‘’આજે મુખ્યમંત્રીની સંપત્તિ ક્યાં નથી? ફક્ત આસામમાં જ નહીં, પરંતુ તેઓ સમગ્ર ભારતમાં અને વિદેશમાં પણ બિનહિસાબી મિલકતોના માલિક છે.’’ તેમણે એવો પણ પ્રશ્ન ઉઠાવ્યો કે, શર્માની પત્નીએ બિનહિસાબી સંપત્તિ કેવી રીતે એકઠી કરી. ગોગોઈએ પોતાના તરફથી આ વાતને વધુ ગંભીર બનાવી. ‘’તેમને (શર્મા) મારા વિશે જે કંઈ કહેવા માંગે છે તે કહેવા દો. તેમના ઘરમાં શું થાય છે તેની આસામના દરેક ઘરમાં લોકો

...અનુસંધાન પાના 11 પર

## પાકિસ્તાને ખોટમાં ચાલતી PIAને રૂ. 135 અબજમાં વેચી દીધી

**શરૂઆતમાં** લકી સિમેન્ટ, ખાનગી એરલાઇન એરબ્લ્યુ અને રોકાણ કંપની આરિફ હબીબ ગ્રુપે સીલબંધ કવરમાં બોલી જમા કરાવી

**સીલબંધ** કવરમાં આરિફ હબીબ ગ્રુપે 115 અબજ જ્યારે લકી સિમેન્ટ 105.5 અબજની બોલી સાથે સ્પર્ધામાં રહ્યાં

**સરકારે** શરૂઆતમાં 75 ટકા હિસ્સો ઓફર કર્યો, આરિફ હબીબ ગ્રુપ પાસે બાકીના 25 ટકા શેર ખરીદવા માટે 90 દિવસનો સમય

**ઇસ્લામાબાદ, તા. 23 (PTI) :** પાકિસ્તાને મંગળવારે મંગળવારે તેની રાષ્ટ્રીય વાહક કંપનીના ખાનગીકરણ પ્રક્રિયાનું સફળતાપૂર્વક આયોજન કરીને સ્થાનિક રોકાણ કંપનીના નેતૃત્વ હેઠળના કન્સોર્ટિયમને પાકિસ્તાન ઇન્ટરનેશનલ એરલાઇન્સ (પીઆઇએ) 135 અબજ રૂપિયામાં વેચી દીધી હતી.

પીઆઇએનું ખાનગીકરણ કરવાનો સમારંભ ઇસ્લામાબાદમાં યોજાયો હતો જ્યાં લકી સિમેન્ટ, ખાનગી એરલાઇન એરબ્લ્યુ અને રોકાણ કંપની આરિફ હબીબ સહિત ત્રણેય પૂર્વ-લાયકાત ધરાવતા પક્ષોએ તેમની સીલબંધ બોલીઓ પારદર્શક બોક્સમાં જમા કરાવી હતી. સમારંભના બીજા તબક્કામાં બોલીઓ ખોલવામાં આવી હતી, જ્યાં આરિફ હબીબ સૌથી વધુ બોલી લગાવનાર તરીકે ઉભરી આવ્યા હતા, તેમણે 115 અબજ રૂપિયાની ઓફર કરી હતી, ત્યારબાદ લકી સિમેન્ટ 105.5 અબજ રૂપિયા સાથે અને એરબ્લ્યુ 26.5 અબજ રૂપિયા સાથે એરલાઇન ખરીદવા માટે બોલી લગાવી હતી.

બોલી ખોલ્યા પછી, સરકારે જાહેરાત કરી હતી કે સંદર્ભ કિંમત 100 અબજ રૂપિયા હતી. નિયમો હેઠળ, બે સૌથી વધુ બોલી લગાવનારાઓને શરૂઆતની હરાજી પ્રક્રિયામાં સ્પર્ધા કરવાની તક આપવામાં આવી હતી.

આરીફ હબીબ અને લકી સિમેન્ટ બંનેએ એરલાઇન જીતવા માટે જોરદાર સ્પર્ધા કરી અને

...અનુસંધાન પાના 11 પર

## બાંગ્લાદેશ તણાવ મામલે પાકિસ્તાની નેતાની ભારતને ચેતવણી : અમારી મિસાઈલો દૂર નથી

**PML** નેતા, કામરાન સઈદ ઉસ્માનીએ પાકિસ્તાન અને બાંગ્લાદેશ વચ્ચે લશ્કરી જોડાણની પણ હાકલ કરી

**બાંગ્લાદેશ** પર ‘અખંડ ભારત વિચારધારા’ લાદવાના ભારતના પ્રયાસોને પાકિસ્તાન સહન નહીં કરે : ઉસ્માની

**ઉસ્માનીએ** ભારત સામે પાકિસ્તાન, બાંગ્લાદેશ અને ચીનના ત્રિ પાંખીયા હુમલાનું વ્યુહાત્મક પરિદૃશ્ય સૂચવ્યું



**ઈસ્લામાબાદ, તા. 23 :** શહબાઝ શરીફની પાર્ટી, પાકિસ્તાન મુસ્લિમ લીગ (પીએમએલ)ના યુવા પાંખના નેતાએ મંગળવારે ભારતને ધમકી આપતા કહ્યું કે બાંગ્લાદેશ પર કોઈપણ હુમલાની સ્થિતિમાં, પાકિસ્તાનની સેના અને મિસાઈલો જવાબ આપશે. પીએમએલ નેતા, કામરાન સઈદ ઉસ્માનીએ પાકિસ્તાન અને બાંગ્લાદેશ વચ્ચે લશ્કરી જોડાણની પણ હાકલ કરી.

તેમણે કહ્યું કે જો ભારત બાંગ્લાદેશની સ્વાયત્તતા પર હુમલો કરે છે, જો કોઈ બાંગ્લાદેશ તરફ ખરાબ ઈરાદાથી જોવાની હિંમત કરે છે, તો યાદ રાખો કે પાકિસ્તાનના લોકો, પાકિસ્તાની સશસ્ત્ર દળો અને આપણી મિસાઈલો તેનાથી દૂર નથી. ઉસ્માનીએ વધુમાં દાવો કર્યો હતો કે પાકિસ્તાન બાંગ્લાદેશ પર અખંડ ભારત વિચારધારા લાદવાના ભારતના પ્રયાસોને સહન કરશે નહીં. એક વીડિયો નિવેદનમાં, ઉસ્માનીએ કહ્યું કે પાકિસ્તાન બાંગ્લાદેશને ભારતના વૈચારિક પ્રભુત્વમાં ધકેલવાનું સ્વીકારતું નથી. તેમણે ચેતવણી આપી હતી કે જો ભારત બાંગ્લાદેશ પર હુમલો કરશે અથવા તેની સ્વાયત્તતા પર ખરાબ નજર નાખશે, તો પાકિસ્તાન જોરદાર જવાબ આપશે.

ઉસ્માનીએ દાવો કર્યો હતો કે પાકિસ્તાને અગાઉ ભારતને મુશ્કેલ સ્થિતિમાં ધકેલી દીધું હતું અને જરૂર પડ્યે ફરીથી પણ આવું કરી શકે છે.

...અનુસંધાન પાના 11 પર

## પ્રિયંકા યોગ્ય સમયે વડાપ્રધાન બનશે: રોબર્ટ વાડરા

**પ્રિયંકા** ગાંધી તેમના દાદીની જેમ મજબૂત વડાપ્રધાન બની શકે છે તેવી સાંસદ ઇમરાન મસૂદની ટિપ્પણી પર પ્રિયંકાના પતિનો પ્રતિસાદ

**ભાજપ** પ્રવકતાએ કહ્યું કે કોંગ્રેસના લોકો જ હવે રાહુલને નકારે છે અને તેમના સ્થાને પ્રિયંકાને લાવવા માગે છે

**નવી દિલ્હી, તા. ૨૩(પીટીઆઈ):** મંગળવારે ઉદ્યોગપતિ રોબર્ટ વાડ્રાએ કહ્યું કે તેમના પત્ની પ્રિયંકા ગાંધી વાડ્રાનું રાજકારણમાં ઉજ્જવળ ભવિષ્ય છે અને એક સમય આવશે જ્યારે લોકો તેમને ટોચના પદ પર જોવા માંગશે.

તેઓ કોંગ્રેસના સાંસદ ઈમરાન મસૂદના એ અહેવાલો પર પ્રતિક્રિયા આપી રહ્યા હતા જેમાં તેમણે કહ્યું હતું કે પ્રિયંકા ગાંધી ઈન્દિરા ગાંધીની જેમ મજબૂત વડા પ્રધાન સાબિત થશે. મસૂદ બાંગ્લાદેશની પરિસ્થિતિના સંદર્ભમાં લેવામાં આવનારા પગલાં વિશે વાત કરી રહ્યા હતા, જ્યાં હિન્દુ લઘુમતીઓ પર અત્યાચાર થઈ રહ્યો છે, અને કહ્યું કે પ્રિયંકા ગાંધી વધુ સારા વડા પ્રધાન બનશે અને ભૂતકાળમાં ઈન્દિરા ગાંધીની જેમ કાર્ય કરશે. મને લાગે છે કે પ્રિયંકા (ગાંધી) તેમના દાદી (ઈન્દિરા ગાંધી), તેમના પિતા (રાજીવ ગાંધી), સોનિયા જી અને તેમના ભાઈ (રાહુલ ગાંધી) પાસેથી ઘણું શીખ્યા છે. લોકો તેમની પ્રશંસા કરે છે. લોકો જુએ છે કે તેમની પાસે શકિત છે... જ્યારે તેઓ બોલે છે, ત્યારે તેઓ તેમના હૃદયમાંથી બોલે છે. તેઓ એવા વિષયો પર બોલે છે જે ખરેખર સાંભળવાની જરૂર છે

...અનુસંધાન પાના 11 પર

## અમેઠી નજીક ધૂમ્મસને કારણે ૬ વાહનો ભટકાયા, બેનાં મોત, 16ને ઇજા



**ગાઢ** ધુમ્મસ વચ્ચે એક ટ્રક રેલિંગ સાથે અથડાઇ અને તેની પાછળ આવતા વાહનો એકબીજા સાથે ભટકાયા

**અમેઠી (યુપી), તા. 23(પીટીઆઈ):** ઉત્તર પ્રદેશના અમેઠી જિલ્લામાં મંગળવારે વહેલી સવારે ગાઢ ધુમ્મસ વચ્ચે હાઈવે પર છ વાહનો એકબીજા સાથે અથડાતા બે લોકોનાં મોત થયા હતા અને 16 અન્ય ઘાયલ થયા હતા, એમ પોલીસે જણાવ્યું હતું.

મુસાફિરખાના પોલીસ સ્ટેશન વિસ્તારમાં એક અંડરબ્રિજ પાસે આ ઘટના વહેલી સવારે 2.30 વાગ્યે બની હતી. સ્ટેશન હાઉસ ઓફિસર વિવેક સિંહે જણાવ્યું હતું કે ધુમ્મસને કારણે ઓછી દૃશ્યક્ષમતાને કારણે અમેઠી-સુલતાનપુર વળાંક પાસે એક ટ્રક રસ્તાની રેલિંગ સાથે અથડાઈ હતી ત્યારે આ અકસ્માત થયો હતો. તેમણે જણાવ્યું હતું કે પાછળથી આવતી ત્રણ અન્ય ટ્રક, એક કાર અને બસ

...અનુસંધાન પાના 11 પર

## ઉન્નાવ બળાત્કાર કેસ : દિલ્હી હાઈકોર્ટે સેંગરને જામીન આપ્યા

**કુલદીપ** સેંગરની જેલની સજા સ્થગિત કરીને અનેક શરતોને આધીન જામીન આપવામાં આવ્યા

**નવી દિલ્હી, તા. 23 (પીટીઆઈ) :** દિલ્હી હાઈકોર્ટે મંગળવારે 2017ના ઉન્નાવ બળાત્કાર કેસમાં આજીવન કેદની સજા કાપી રહેલા ભાજપમાંથી હાંકી કાઢવામાં આવેલા નેતા કુલદીપ સિંહ સેંગરની જેલની સજા સ્થગિત કરી અને અનેક શરતો લાદી છે.

જસ્ટિસ સુબ્રમણ્યમ પ્રસાદ અને હરીશ વૈદ્યનાથન શંકરની બેન્ચે સેંગરને 15 લાખ રૂપિયાના વ્યક્તિગત બોન્ડ અને એટલી જ રકમના ત્રણ જામીન આપવાનો નિર્દેશ આપ્યો હતો.

હાઈકોર્ટે તેમને દિલ્હીમાં પીડિતાના નિવાસસ્થાનના 5 કિમીના દાયરામાં ન આવવા અને તેણીને અથવા તેની માતાને ધમકી ન આપવાનો પણ નિર્દેશ આપ્યો છે.

કોર્ટે કહ્યું, ‘‘કોઈપણ શરતોનું ઉલ્લંઘન કરવાથી જામીન રદ થઈ શકે છે.’’

બળાત્કાર કેસમાં દોષિત ઠેરવવામાં આવેલી સજાને પડકારતી તેમની અપીલ પેન્ડિંગ રહે ત્યાં સુધી હાઈકોર્ટે સેંગરની સજા સ્થગિત કરી છે. તેમણે બળાત્કાર કેસમાં ડિસેમ્બર 2019ના ટ્રાયલ કોર્ટના ચુકાદાને પડકાર્યો છે.

ચુકાદો સંભળાવતી વખતે બેન્ચે કહ્યું હતું કે, ત્રણ જામીનદારો દિલ્હીના રહેવાસી હોવા જોઈએ અને સેંગરને અપીલ પેન્ડિંગ દરમિયાન રાષ્ટ્રીય રાજધાનીમાં રહેવાનો પણ નિર્દેશ આપ્યો. જો દોષિત ઠરે તો તેણે સજાનો બાકીનો ભાગ પૂર્ણ કરવા માટે ઉપલબ્ધ રહેવું પડશે.

હાઈકોર્ટે તેને પોતાનો પાસપોર્ટ ટ્રાયલ કોર્ટમાં જમા કરાવવા અને દર સોમવારે સવારે 10 વાગ્યે સ્થાનિક પોલીસ સ્ટેશનમાં હાજર રહેવાનું પણ કહ્યું હતું.

### હવામાન

તા. ૨૩-૧૨-૨૦૨૫નું વડોદરા શહેરનું હવામાન

| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
| --- | --- | --- |
| ૩૧.૬° સે. | ૧૨.૬° સે. | ૮૧% |